નાગમતિ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

કાઠીયાવાડી નાટક મંડળી.

આવૃત્તિ પહેલી. પ્રત ૫૦૦૦.

અમદાવાદ.

શ્રી જૈન પ્રિન્ટિંગ પ્રેસમાં શા. જેઠાલાલ
દલસુખભાઇએ છાપી.

ઇ૦ સ૦ ૧૯૦૭ સંવત ૧૯૬૩

કીંમત રૂ. ૦—૨—૦

૨૦૩૮

નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

મંગળગાન.

પ્ર. ૧—વિરસીંહ પિતાનું રાજ્ય મેળવવાના લોભથી પોતાની બ્હેન નાગમતિને સૂર્યસિંહને સોંપે છે ને ભાનુને બાંધીને ઝાડામાં ફેંકી દે છે. તેમને સ્નેહસિંહ બચાવે છે. સૂર્યસિંહ ન્હાસી જાય છે. સ્નેહસિંહ બન્ને બાળકોને એમના પિતા પાસે પ્હોંચાડવા લઇ જાય છે.

પ્ર. ૨—દરબાર રાજા ઇંદ્રરાજ પાસે સ્નેહસિંહ, નાગમતિ તથા ભાનુસિંહને લઇને આવે છે વિરસિંહનાં કાવત્રાં જાહેર થતાં તેને રાજા દેશનિકાલ કરે છે. વિરસિંહના મનમાં વેરની આગ પ્રદિપ્ત થાય છે.

પ્ર. ૩—વિરસિંહની સૂર્યસિંહ સાથે બાપનું ખુન કરવાની મસલત.

પ્ર. ૪—નિશાળ. ભાનુસિંહ તથા મેનકાનો પ્રેમપ્રસંગ નાગમતિ પાસે સ્નેહસિંહ જાહેર થાય છે. સખિઓનો વિનોદ. ભાનુ આવીને બાપના મ્હોતના ખબર આપે છે. બન્ને પોતાની બાની પાસે જાય છે.

પ્ર. ૫—દુર્જેતચંદનું ઘર, કપુરચંદનું તથા ગપ્પિદાસનું ફારસ ગપ્પિદાસ શેઠને મારે છે તેથી શેઠ તેને નોકરીમાંથી રજા આપે છે.

પ્ર. ૬—સુંદરમતિનું શયનગૃહ. સુંદરમતિનો વિરસીંહ માટે બળાપો, નાગમતિ તથા ભાનુ આવે છે. પાછળથી વિરસીંહ

આવે છે. નાગમતિને પકડીને સૂર્યસિંહને સોંપે છે. ભાનુને પકડવા જાય છે. સુંદરમતિ આડે આવે છે. વિરસીંહ, ભાનુને મારી નાંખવાના ઇરાદાથી પિસ્તોલ છોડે છે. સુંદરમતિને વાગે છે ને એ મરી જાય છે.

અંક ૨ જો.

પ્ર. ૧—સૂર્યસિંહ નાગમતિને મનાવે છે. તેનો પ્યાર માગે છે. નાગમતિ તેનો તિરસ્કાર કરે છે. મેનકા ઉપદેશક તરીકે આવે છે. રાજાને બોધ આપે છે. પ્રપંચથી નાગમતિ પાસે રહે છે, નાગમતિને મનાવવાનું કામ સૂર્યસિંહ મેનકાને સોંપે છે અને જાય છે. કાંઇ વ્હેમ પડવાથી પાછળથી બન્નેને અગન મહેલમાં કેદ કરવાનું પોતાના નોકર જસરાજને કહે છે. જસરાજ બન્નેને કેદ કરે છે.

પ્ર. ૨—જસરાજ તથા મેનકાની મસલત. મેનકાનો જસરાજ તરફ કુદરતી પિતૃસ્નેહ. જસરાજ મેનકાને એક વિશ્વાસુ દાસી સોંપે છે. કેદમાં પૂરે છે. ને ભોંયરાયની ચાવી એક સિપાઇને દે છે.

પ્ર. ૩—અગ્નિની ખાઇ. વિરહઘેલો સ્નેહસિંહ નાગમતિને મળવા તલસે છે. જવાના માર્ગની તેને ખબર ન હોવાથી અગ્નિમાં પડીને જવા ધારે છે. જસરાજ એમ કરતાં તેને અટકાવે છે ને પોતે અગ્નિમાં સુઇ સ્નેહસિંહને મ્હેલ તરફ મોકલે છે. દાસી જસરાજને બળતાં બચાવી લે છે.

પ્ર. ૪—મ્હેલ—નાગમતિની વિરહ વ્યાકુળતા—મેનકા તેને ધીરજ આપે છે. સ્નેહસિંહ આવે છે. નાગમતિનો આનંદ. નાગમતિ સ્નેહસિંહને નિચે ઉતારવા જાય છે. સ્નેહસિંહ ઉતરવામાં ઉતાવળો થાય છે તેથી પોતાનું ખંજર કેડમાંથી પડી જાય છે. નાગમતિને વાગે છે. આનંદમાં અફસોસ.

પ્ર. ૫—કપૂરચંદ રેલ્વે પારસલ થઇને લોડકીને મળવા આવે છે. ગપ્પિદાસની ગમ્મત. માણસને દાટી નાંખવાના પ્રયોગથી માસ્તરને ભોળવે છે.

પ્ર. ૬—ભાનુસીંહ-પ્રધાન તથા રાજ્ય સામંતોના " ગાદી કોને સોંપવી " એ સંબંધી વિચાર. છેવટે ભાનુસિંહને રાજા થવાનું સૌ કહે છે. ભાનુસિંહ આનાકાની કરતાં હા પાડે છે.

પ્ર. ૭—દરબાર. વિરસિંહ ગાદીએ બેસવા આવે છે તેને બદલે પ્રજા ભાનુસિંહને ગાદીએ બેસારે છે. વિરસિંહ ક્રોધે ભરાય છે. ભાનુને રાજ્યની લગામ છોડી દેવા કહે છે. ભાનુ તેને શીખામણ આપે છે. તેણે કરેલ અપરાધો માટે તેનો ન્યાય કરે છે ને તેને સૂર્યસિંહ જીવે ત્યાં સુધીની કેદની સજા કરે છે. વિરસિંહનો પસ્તાવો.ભાનુસિંહનો લશ્કર તૈયાર કરી નાગમતિને છોડાવવા જવાનો વિચાર—નવા રાજાની મુબારકબાદીના આનંદનો નાચ.

અંક ૩ જો.

પ્ર. ૧—સૂર્યસિંહ પોતાની રાણીને ઘણા દિવસથી મળ્યો નથી માટે રાણી પોતે તેને મળવા આવે છે. નાગમતિને લાવવાનું કારણ પૂછે છે. સૂર્યસિંહ તેને ઉડાવે છે. રાણી જરા વધારે આગ્રહથી પૂછે છે. રાજા તેને કેદ કરવા તથા નાગમતિને રાણી બનાવવા ધમકી દે છે. જાય છે. રાણી નાગમતિને ન્હસાડી મૂકવાના ઇરાદાથી ભોંયરાની ચાવી સીપાહી પાસેથી લઇ લે છે ને નાગમતિ પાસે એક દાસીની સાથે જાય છે.

પ્ર. ૨—મ્હેલ. નાગમતિને ખંજરના ઘાની અશક્તિ દિવસે દિવસે મટતી જાય છે. સ્નેહસિંહને જતાં રહેવા કહે છે. સ્નેહ-

સિંહ માનતો નથી. નાગમતિ નિંદ્રાવશ થાય છે. સ્નેહસિંહ મેનકાને "પાસે રહેજે" એમ કહીને જાય છે. મેનકા બેસે છે. રાણી તથા દાસી આવે છે. નિર્મળા ખોટા વિચારમાં દોરાઇને નાગમતિને સૂર્યસિંહની રાણી તરીકે બોલાવે છે. નાગમતિ ચીડાય છે. રાણીને વધારે શંકા થાય છે. તેને નસાડી મૂકવાનું વચન આપે છે. સ્નેહસિંહ આવે છે. રાણી તેને જોતાંજ તેનાપર મોહિત થાય છે. અને સ્નેહસિંહને છુટો કરવાનું વચન આપી ઢોંગથી પોતાની સાથે લઇ જાય છે. જસરાજ તથા દાસી આવીને "તમે વધારે ભયમાં છો" એમ કહેછે. આ ઉપરથી નાગમતિ સ્નેહસિંહ તરફ જાય છે ને જસરાજ મેનકાને તથા દાસીને અગ્નિની ખાઇને રસ્તે ભાનુસીંહને મળવા તથા મદદ માટે લશ્કર લાવવા તેડી જાય છે.

પ્ર. ૩—ગપ્પિદાસના ઠારી નાંખવાના પ્રયોગનો ઉપયોગ. ફુલ્જેતચંદની ફજેતી. કપૂરચંદ તથા લાડકીનો હસ્તમેળાપ

પ્ર. ૪—રાણીનું શયનગૃહ. રાણી માર્મીક વચનોમાં સ્નેહસિંહનો પ્યાર માગે છે સ્નેહસિંહ સમજતો નથી. સૂર્યસિંહ આવે છે. રાણી સ્નેહસિંહને સંતાડે છે. સૂર્યસિંહને પોતાનો ખોટો પ્રેમ બતાવે છે દરમીઆન ખાંત પાછળ નિકળેલ નાગમતિ અહિં આવે છે. સૂર્યસિંહને જોઇને ગભરાય છે. રાણીનું શરણુ લે છે. રાણી પોતાનો સ્વાર્થ સાધવા, દુષ્ટ ઇચ્છાથી નાગમતિને રાજાને સોંપે છે. નાગમતિ મહા સંકટમાં આવી પડે છે. દાસી સૂર્યસિંહને કહીને નાગમતિને મનાવવાનુ કામ પોતાને માથે લઇને રાજાને તથા નાગમતિને લઇ જાય છે. પાછળથી રાણી સ્નેહસિંહને બહાર લાવે છે. તેનો પ્રેમ માગે છે. સ્નેહસિંહ તેને શીખામણ આપીને સુધારે છે. રાણીને પસ્તાવો થાય છે. અને નાગમતિને સોંપી દીધી એ પોતાની ભુલ સ્નેહસિંહને કહે છે. સ્નેહસિંહ તથા રાણી નાગમતિને બચાવવા માટે જાય છે.

પ્ર. ૫—ભાનુ લશ્કર લઇને મદદ માટે આવી પહોંચ્યો છે તેને મેનકા વીગેરે મળે છે. મેનકા સર્વ હકિકત કહે છે. જસ-

રાજા મેનકાના પિતા તરીકે જાહેર થાય છે. અને મેનકાનો તથા ભાનુનો સંબંધ બાંધે છે. જસરાજની સરદારી નીચે છુપો હલ્લો.

પ્ર. ૬—બગીચો, નાગમતિનો બળાપો—દાસી તેને ધીરજ આપીને ભાનુસિંહ આવે ત્યાં સુધી વચનોથી રાજાને રમાડવાનું કહે છે. સૂર્યસિંહ આવે છે. નાગમતિ તેને તાબે થવાનું કાંઇ પણ કરી શકતી નથી. રાજા તેનાપર બળાત્કાર કરવા જાય છે. દુઃખથી ઉશ્કેરાયલી નાગમતિ રાજાને મારી નાંખવાનો વિચાર કરીને રાજાનાં—હથીઆરો ખોટાં પ્રેમવચનો કહી લઇ લે છે. પછી સૂર્યસીંહની સામે થાય છે. નાગમતિને રાજા પકડે છે. સ્નેહસીંહ આવે છે. બન્ને વચ્ચે યુદ્ધ થાય છે. સૂર્યસિંહ પકડાય છે. ભાનુ વિગેરે આવી પહોંચે છે. રાણીની આજીજીથી રાજાને જીવતો રાખવામાં આવે છે. સ્નેહસિંહ પોતાનું રાજ્ય કબજે કરે છે. રાણી નિર્મળાને સ્નેહસિંહ પોતાની બ્હેન ગણીને નવાજે છે. સર્વ સંબંધીઓ અરસપરસ ઓળખાયછે ને આનંદ પામે છે. વિજયની પ્રભુ પ્રાર્થના.



પાત્રોનાં નામ.

પુરૂષ વર્ગ.

સુત્રધાર—નાટકકાર.

ઇંદ્રરાજ—ઇંદ્રગઢનો રાજા.

સ્નેહસિંહ—તેનો જમાઇ—વલ્લભપુર ગાદીનો હકદાર.

સુર્યસિંહ—સ્નેહસિંહનું રાજ પચાવી પડેલ રાજા.

વિરસિંહ—ઇંદ્રરાજનો મોટો } દીકરો.

ભાનુસિંહ— ,, નાનો } દીકરો.

જસરાજ—સ્નેહસિંહનો કાકો.

ફુજેતચંદ—નિશાળ માસ્તર.

ગપ્પિપદાસ—તેનો નોકર.

કપૂરચંદ—ગપ્પિનો ભાઇ.

સ્ત્રી વર્ગ.

નાગમાત—ઇંદ્રરાજની દીકરી, સ્નેહસિંહની સ્ત્રી.

સુંદરમતિ—વિરસિંહની રાણી.

નિર્મળા—સુર્યસિંહની રાણી.

મેનકા—જસરાજની દીકરી, ભાનુની સ્ત્રી.

લાડકી—ફુજેતચંદની દીકરી, કપૂરચંદની સ્ત્રી.

અણીકુંવર—માસ્તરની વહુ.

સિવાય—દાસ, દાસીઓ, બાળાઓ, વારાંગનાઓ, જસરાજની સ્ત્રી, દરબારીઓ, સીપાહીઓ વિગેરે વિગેરે.



श्री गणेशाय गमः

નાગમતિ નાટકનાં ગાયનો.

(૧)

સુત્રધાર—શંભુ ૐગંગધારી

વંદુ ભોળા ભાવધારી..............શંભુ.
આધી વ્યાધી ઘો શમાવી,
ભસ્મધારી, ભીડ હારી;
શાન્તિ શાન્તિ ઘો પ્રસારી.
આજે રે—શંભુ.

(૨)

બાળાઓ—રમતી ગમતી સરખી સાહેલી,
સહુ મળી શીવપૂજન કરતી રે;
ચંદનને અબીલ ગુલાલ વતી,
આનંદે અર્ચન કરતી—ચંદનને.
ઊમિયાપતિ પાસે વર લેવા,
મંદીર દેતાં શણુગારી—ચંદનને.

(૩)

સ્નેહસિંહ—રસ ઝીલી ખીલી દિવ્ય રચના
ઝીણી ઝીણી ઝબકંતી વીજ કેવી ?
વન દેવી કેરી જ્યોત..............રસ.

વૃક્ષ લતા કેરી ઘટા,
ભાસે સુંદર ઘેરી ચંદ્રના તેજે,
છાઇ શીતળ પવન લ્હેર............રસ.

(૪)

નાગમતિ—મનહર મધૂરી મૂર્તિ બનાવી યોગીરાજારે
સુખ મલકાવે, મન લલચાવે
સેવે સદાય, પ્રેમે પાય યોગીરાજારે.—મનહર.
સાચવી સ્નેહે કરી કારીગીરી ભરપુર
આતમા પ્રેમની રસપુર
જાણે મદ ભરેલી જીવન વેલી રામારે—મનહર.

(૫)

દરબાર મંડળ—પામો યશ સદૈવ અવનિમાં ગુણ ગવાઓ
પ્રીતથી પ્રજાને પાળીને અચળ ન્યાયી
............રાજ્ય તેજ અતિ છવાઓ—પામો.
હરતાં ફરતાં ઉચ્ચરતાં નિર્મળ પંથે રહીને તમો
ઉમંગે સહુને નિતિથી સંતોષીને
ધર્મના કર્મની ભૂપતિ વિજય ધ્વજા
....ફરકાવો—પામો.

(૬)

નાગમતિ—પૂર્વ જન્મનો એ બન્યો છે,
આજે વેરી આ નાદાન.
સૂર્યસિંહને જઇ મળ્યો એ.
અવિચારે થયો અંધ.
ફંદામાં ફસવી અતિશય કીધાં હેરાન.
ભાનુસિંહને દગો દઇને,

સોંપી દીધી મુને એને હાથ.
ઓચીંતા દુઃખમાં દેખીને,
સ્હાયે આવ્યા આ વિરબાળ.
છોડાવી અમને લાવ્યા આપની પાસ.

(૭)

વારાંગનાઓ—રંગત રસભર આજ રમવા આવોને
મનહર સુખકર રસભર રે—રંગત.
નવરંગ રંગો છાઇ રહ્યા આ
આછાં વસ્ત્રો અંગપરરે,
પ્રફુલ્લિત કરવા રાજ (આજે) રાસ રચાવોને—રંગત.

(૮)

વિરસિંહ—દીલમાં લાગે મને હવે તો આજે અતિ જ્વાળા.
તનમાં ઝેર વ્યાપે................દીલમાં.
વેર લઇને રીબાઉં જાઉં ત્રાહ્ય ત્રાહે કરૂં આજે.
ગગન ગરજી ધૂજાવું એને જોર જણાવું મારૂં—દીલમાં.

(૯)

મેનકા—યૌવન મદમાતી પ્રેમે હું બની ઘેલી રે.
વિરહ સતાવે, મત્ત બનાવે,
પ્રિયતમ નાવે, અતિ અકળાવે—હું બની.
મદન અગન તનમન મુજ બાળે.
પિયુ વિણ એ પીડા કોણ ટાળે ?
અલબેલા, રસઘેલા, છેલા,
આવો વ્હેલા વ્હેલા—રે યૌવન.

લ્હેરી લટકેથી, મટકેથી,
ચટકેથી, નખરેથી ચાલો—આવો.

(૧૬)

મણીકુંવર—જીવદયા ધર્મનું છે મૂળ પિયુ મારા
સમજી એ નિયમને અનુસરવું ?—
વિશ્વની ઘટનાની આ માયા,
અજ્ઞાને સહુ ભુલે.
સાચું હિત સમજે નહિં કોઇ.
દયા ધર્મ કેરા પંથે વિચરવું—જીવદયા.

(૧૭)

સુંદરમતિ—શાં વિઘ્નો આવે ?
પતિ કાં હાયે દયાહિન થાયે ?—શાં.
ઉરમાં ક્ષણે ક્ષણે કુમતિ અતિ ધારે
તાતને હણ્યારે ત્રાસ થાયે આજે—શાં.

ક્રોધ કપટમાં ક્ષમ તજોકાં પલમાં જાશે પ્રાણ.
જતન હરિહીરાનું કરીને કરો આત્મ કલ્યાણરે-જતન

(૨૧)

મેનકા—પ્રતાપી તું મળ્યો એ માનું પ્રભુનો આભાર
અતિશે મારૂં હૃદય ઉભરાય,
અતિ છલકાય, હરખ નવ માય—મુને-એ
વાણી મધૂરી તારી લોભાવે.
દયા સજાવે ને પીગળાવે,
તારીઆ, માયામાં.
દયાળુ મયાળુ તારો ઉપકાર,
કુદરતી હેત ઉપજાવે છે અપાર—મુને-એ.

(૨૨)

સ્નેહસિંહ—સુંદરી દુઃખમાં આજે રીબાય—સું
પૂરો પામ્યો ન પ્યાર, પડી દુઃખ મોઝાર
મદમાતી કયારે મળાય ?...............સુંદરી
શીશ કેશ સોનેરી સારા
કયારે નિરખું હું પ્રિય તારા
મુખડું તારૂં ચંદ્ર સમું જે
માનુની કયારે જોવાય ?...............સુંદરી

(૨૩)

નાગમતિ—આજે બાળેરે મદન મુને કેમ કરવું ?
કેમ કરવુંરે મારે કયાં ઠરવું ?...............આજે
સ્વપ્નામાં હું તો પિયુજીને નિરખું
વિરહના તાપે હું દિવાની તો ફરૂં-રે દિવાની-આજે
પ્રિતમ નાવે કાં તરસાવે ?
આ દુઃખમાંથી મારે કેમ તરવું રે ?
સખિ! કેમ તરવું...............આજે.

(૨૪)

સ્નેહસિંહ—લાગે રસીલી મૂર્તિ કેવી મદભરી આ ?

મધુરાં ભરીઆં મદનાં નયનો—લાગે.
શોભે સ્મિતે મુખ આછું ગુલાબી.
કાન્તિ દેખી ચંદ્ર છુપાય ભનમાં.
રતિથી સવાઇ દીસે કામીની આ—લાગે.

(૨૫)

મેનકા—સ્નેહસિંહ લેને લ્હાણુ જાતા પ્હોરની બે ઘડી.

* * * *

પ્રભાતનાં પરિયાણુ સવારે જાશે સ્વર્ગમાં.

* * * *

સ્નેહસિંહ ચતુર સુજાણુ સાનમાં સમજ્યો નહિ.

* * * *

કાતિલ વાગી કટાર એ પ્રેમનું બળીદાન થઇ.

(૨૬)

ગુપ્પિદાસ—અમન ચમન કરશું ફરશું આનંદેથી.

છેલો અલબેલો હું સુંદર નર છું કેવો ?
ફક્કડને અક્કડનો ટક્કર ઝીલું એવો.
જંતર મંતર તંતર મારીને ઠારીને પુતળાં હું કરૂં.
નોકર ચાકર મરા સહુ તાબેદાર.
મગન મનમાં હું કરૂં...............અમન.

(૨૭)


ભાનુસિંહ—વાસના સંસારમાં જે વિકટ સંકટ રૂપ
તેને સહુ ગણેરે માનવ શ્રેયથી ભરપુર.
લોભમાં ઘેરાઇને અતિ સ્વાર્થમાં બને અંધ—(સહુજન.)
કલહનું ફળ મેળવે એ ખોઇ સ્નેહ સબંધ—તેનેસહુ.
માળી વીણે મોઘરા લેવા ઉમંગે સુગંધ—(અતિશય)
એજ ગંધ ઉડી ગયો જ્યાં લાગ્યો બીજો સંગ—તેને

(૨૮)

વારંગનાઓ–છુમછુમ રૂમઝુમ પગલાં લઇ,
સહુ નાચો તાતા થેઇ તાતા.
વિધ વિધ ગાન તાનથી ગાઓ નાચો.
આવો આવો દીલ રીઝાવો—છુમછુમ
રસ તરંગે, સહુ ઉમંગે, સંગીત રેલાવી,
હાવભાવ કરી, રંગત જમાવો અલી.
રૂમક ઝુમક, છુમક છુમક, ઠુમક ઠુમક,
લચક મચક કટીને લ્હેંકાવી સખી.
કત્તીટ કીટ ધીકીટ, કત્તીટ કીટ ધીકીટ, કીડધા કીટ
કડાનધા–કડાનધા, કડાનધા, કડાનધા—છુમ

(૨૯)

દરબાર–અતિ વિજય વિજય નીશદિન તવ થાઓ.
ન્યાયના પંથમાં જામજો પામજો પ્રજાની પ્રીતિ સદાય.
રાય ચુડામણી, દીનતણી, દયા ઘણી દાખો–અતિ.
સહુને પાળજો ભૂપતિ મયા કરી,
રાજન સંકટ હરજો સહુનાં દીલ થકી,
સૂર્ય ચંદ્ર સમ તપો રાજ અવિચળ—અતિ.



અંક ૩ જો.

(૩૦)

સૂર્યસિંહ—સલુણી માને ના શાને એ કાંઇ આજે ?
સમજે ના શાણી કાંઇ સુખને.
જોબન જાય ઝલકાય આ રસીલું.
રસીલી એ, માનુની છે, હઠીલી એ, શું થાય છે ?
—સલુણી.

(૩૧)

નિર્મળા—પિયુજી વિચારો
સ્વામિ મારા શાને ભુલો છો ?
ધર્મ તણો જે માર્ગ સારો—પિયુજી.
શાને તજોછો પરણી પ્રમદા,
પ્રીતે પ્યારા કહ્યું દીલ ધારો—પિયુજી.

(૩૨)

નિર્મળા—લાજ પ્રભુ મુજ રાખજે.
તું દયા કાંઇ દીલમાં દાખજે—લાજ.
પતિ મારાએ કુમતિ ધારી.
સાહસથી તું બચાવજે—લાજ.

(૩૩)

મેનકા—શાન્તિ ધરો બ્હેની મારી.
સહુને લેશે તારી ઉગારી.
મુરારી, વ્હાલો વૃજ વિહારી—શાન્તિ
નંદકુંવર, મુરલીધર, માધવ, તારક, સંહારક, જગજનના.

પિતામ્બરધર, મનહર સુંદર, મોરમુકુટધર, શ્રેયકર, શ્રીવર
નટવર, ગીરધર, સુખકર, દુઃખહર, પ્રિયકર, બ્રિજધર.
ટાળે સહુ તવ દુઃખ—...............શાન્તિ

(૩૪)

કુંજેત—બ્રાહ્મણીયા બીડી.
ગપ્પી—તહ્ક બીડી આ પીવીહામ ભીડી—બ્રાહ્મ.
પુનાની પાકેલી તાજી તમાકુ મેં લીધી,
ગંગાજળ પાનોને છાંટી પવિત્ર મેં એને કીધી.
અન્ન પચાવે, જોશ જમાવે.
દુનિયાં એને વશ દીઠી—બ્રાહ્મણીયા.

(૩૫)

લાડકી—રંગે રમો દાસીની સંગમાં પ્યારા—રંગે.
કપુર—પ્યારી ઝીલોને પ્રેમમાં દારા—...........રંગે
આનંદ દીલમાં આજ થયો મારે
લાડકી—પ્રેમ બગીચે પ્રીત માણીએ લાલા—રંગે.

(૩૬)

નિર્મળા:—વ્હાલા લાગો રે મ્હારા રાજ,
ઓ રંગ રસિયા, મુજ મન વસિયા;
પ્રિતમજી પ્રીતની આ રંગત ખેલોરસિયા—મુજ
નેત્ર માંહી છો વિરાજ્યા સ્નેહ ભરીને પિયુ પ્રાણ
પ્રેમ નગિના, રંગ ભીના..................લાગો.

(૩૭)

નિર્મળા—આવો આવો રાજવી મમપ્રાણ.
ચોરી ચિત્ત થાઓ શાને અજાણ?—આવો.

કહ્યું ધરો ધ્યાન, મૂકો ગુરૂ ન હાલ
પ્રીતિનું દાન આપો સુજાણ—આવો.

(સાખી)

પરવશ હું થઇ પ્રેમમાં પ્રોયા મારા પ્રાણ
પ્રીતિવેલી પોષવા પાઓ પ્રીતિ પાન—આવો

સ્નેહસિંહ—શરમા વહતાં કાંઇ, મતિ કેમ તુજ પલટાઇ;
ધર્મ કાં તજે ?..........................આવો.

(૩૮)

ભાનુસિંહ—આ દુનિયાં કેરી કૃતિ છે રમણીય શી ?
આ પ્રભુની રચના કેવી ?
જાદુગારી માયા જેવી.
ભાસે સહુને સુંદર મનહર
ઓ જગત્રાતા વિખ્યાતા—આ.
જળ સ્થળ નભના ઠામ ઠામમાં
વ્યાપી રહ્યો તું સહુ સુખ દુઃખ ભરી વિભુ
ચડતીને પડતીની છાયા એસો માયા—જગરાયા—આ

(૩૯)

મેનકા—વ્હાલા લાલા લેવા પ્રેમ લ્હાવો.
આનંદે પધારો તમે રે પધારો તમે.—
ભાનુ—પ્રેમહિંચોળે હું ઝૂલાવું ઝૂલો મુજ સંગાત
મેનકા—પ્રેમ રંગ મુજ સંગે ખેલો રસ ઘેલા સરદાર
પ્રિયતમ પામી પુરણ પ્યાર................આનંદે
ભાનુ—ઓ મનહરણી તું મુજરમણી. ગુણિયલ ચંચલ નાર.
મેનકા—પામી આજ અલબેલા રસિયા પાતળીયા ભરથાર.
પિયુ મારા પ્રાણ તણા આધાર...............આનંદે

(૪૦)

સેનાપતિ—ક્વીક માર્ચ (૨)

(Quick march)

લશ્કર—શુરા સહુ સજો

શુરથી અસી કસી કસો, હણો અરિ ધરીને હામ.

સેનાપતિ—લો અબાઉટ, ટર્ન સાઇટ

(Low about, turn sight)

યુ ગો ધૅર શુડ નૉટ સ્ટૉપ

(You go there should not stop)

ઑલ બેન્ડ ડાઉન, સ્ટ્રેઇટ ટર્ન અપ

(All bend down, straight turn up)

લશ્કર—સૌ પામવા વિજય. પ્રેમથી બોલોને જય.

સેનાપતિ—સીત્ સીત્

લશ્કર—હુરરરરે

સેનાપતિ—સીત્ સીત્

ડોન્ટ સ્પીક એનીથીંગ, ઑલ યુ હો. સ્લોલી ગો.

(Dont speak anything, all you Ho! Slowly go.)

લશ્કર—ચાલો હોંશેથી, જોશેથી, વીરાઓ, ધીરાઓ સંહારો

શત્રુ તમામ.

---

(૪૧)

નાગમતિ—સરજનહાર જગકિરતાર.

તું છો દયાળુ દુઃખહર દયા તું મુજ પર ધાર.

સંકટ નિવાર–દયાના દાતાર............સરજન.

તેં રચના આ શી કરી પાપી વસે સુખમાંહ

સત્ય નિયમમાં ચાલતાં દુઃખ અતિશય થાય

સંકટહર વિભુ, ત્હારાં બાળ સીબ.
દાદ લે કરૂણા કર દયા તું મુજપર ધાર
સંકટ નિવાર—દયાના દાતાર. ....સરજ.

---

(૪૨)

(સાખી)

મેનકા—મંગળ દિન છે આજનો વ્હાલા ઓ રણધીર;
વ્હેની આશીષ આપથી સૌ સુખ પામો વીર.

સર્વ—વંદીએ પ્રેમથી પ્યારા પ્રભુ.
કીધી દયાળુ દયા. ધારી મયા.
શાન્તિ શાન્તિ શાન્તિ પ્રસારો તેં વિભુ આજે.
ભવજળ તારક અહલ્યા ઉદ્ધારક ત્રિભુવરા !
તાર્યા સહુને તેં દુઃખહરા.
પાપીને પાપનું આજે મળ્યું ફળ,
વિજયી ન્યાયી હતા તે થયા.
દષ્ટી કરી, અમીભરી. પ્રીતિધરી, તેં શ્રી હરિ
કરો સદાય દયા ભરી દ્દષ્ટિ પ્રભુ આવી.
સૃષ્ટિના તાપ ઉત્તાપ શમાવો સહુ—વંદીએ

સંપૂર્ણ.

